# ધરતીની સોડમ – અમીનાબીબી

–મનસુખ સલ્લા

કેટલાંક માણસો અમથાંઅમથાં ગમી જાય. એવું કંઈક હોય એમનામાં કે બસ, તેઓ ગમે! અમીનાબીબી તેમાનાં એક. પહોળો પાયજામો, ઘેરદાર અચકન, બંધબેસતી ઓઢણીમાં દુરથી પણ ઓળખાય. પુરતાં કાંઠાળાં. ભર્યું શરીર, ગોળમટોળ ચહેરો અને મોટી પણ પ્રેમાળ આંખો. જુવાનીમાં પુરતાં રુપાળાં હશે. મેં જોયાં ત્યારે તો જીન્દગીના ચાસથી ખેડાયેલો ચહેરો હતો. સહજ હાસ્ય, જે કંઈ કરે, વ્હવહરે તેમાં  અનાયાસ સાહજીકતા હોય.

અમીનાબીબી પંદરેક દીવસે સાવરકુંડલાથી મારે ગામ નેસડી આવે. ઈંઢોણી ઉપર કૅન જેવું મોટું વાસણ હોય. તેમાં માથામાં નાખવાનું તેલ ભર્યું હોય. અંદર માપની પળીઓ હોય. બીજા હાથમાં થેલો હોય. તેમાં ભાતભાતની સામગ્રી હોય. અમીનાબીબીની જીભે મધનો કુપો. શેરીમાં દાખલ થતાંની સાથે તેમની જીભ સૌને મીઠો સ્પર્શ કરે : ‘જેશી કૃષ્ણ, વાલીબા ! કેમ હુકાણાં લાગો છો કે હું ?’, ‘મોંઘીકાકી, તમારે વાસ્તે ગળણી લેતી આવી છું.’ માણસ એટલી અને એવી વાતું. હાથ અને જીભની હરીફાઈ ચાલતી હોય. સૌ જરુરત મુજબ માથાનું તેલ માગે. પળીથી ભરીને તેમને આપે. એમનું તેલ બહુ વખણાય. મોથ, મેંદી, દુધી, આંબળાં, અરીઠાં, ભાંગરો, ગુલાબની પાંદડી નાખેલું તેલ ‘મોથીયું તેલ’ નામે ઓળખાતું. આજની પેઢીને એ વાસ કદાચ બહુ નહીં ગમે; પણ વાળ માટે એ બહુ ગુણકારી. અમીનાબીબી હરતાંફરતાં ડૉક્ટર જેવાં. કોઈને ખોડો હોય, કોઈને વાળ બહુ ઉતરતા હોય, કોઈના વાળ ઓછા વધતા હોય – જેવી વ્યક્તી તેવી સલાહ આપે; પણ મીઠાશથી આપે, તેલ વેચાતું આપે; પણ સલાહ મફત આપે. એમની સલાહ એવી અનુભવસમૃદ્ધ હોય કે અસરકારક બને.

ભર્યું શરીર એટલે એમને ગરમી બહુ લાગે. ત્યારે લાઈટ કે પંખા નહોતાં. માથા પરની ચુંદડીથી ચહેરો સાફ કરે, હવા નાખે અને ફરીયાદ કરે, ‘આ ગરમી તો જીવ લેય તેવી છે.’ પગ લાંબા કરે, દાદીમાની ડબીમાંથી બજર લઈ બેચાર સડાકા લઈ લે. ત્યાં કોઈ વહુવારુ ટપકી પડે, ‘અમીનામા, મારી બંગડી ભુલી ગ્યાં છો ને ?’ તેમને આવી ઉઘરાણી થવાની એની ખબર જ હોય. હાથ ઝાલીને વહુવારુને પડખે બેસાડે. પહેલાં તો એની તપેલીમાં માગે તેટલું તેલ ભરી આપે. વેપાર પહેલો, સેવા પછી. પૈસા ગણીને કોથળીમાં નાખતાં–નાખતાં કહે, ‘જો, તારે વાસ્તે એકદમ ફસકલાસ બંગડી લાવી છું. તારો વર ખુશ થઈ જવાનો.’ કહી થેલામાંથી બંગડીઓ કાઢે. વહુવારુ શરમાઈ જાય, ‘શું તમેય મા !’ કહીને વધુ લજ્જાળુ બને. બંગડી હાથમાં આવતાં જ પહેરવા માંડે. અમીનાબીબીની વાત ચાલુ હોય, ‘જો, વહુ, અમે તો બોવ ખાઈ–પી લીધું. બુઢાં થૈ ગ્યાં. પહેરવા–ઓઢવાનો તારો વખત છે. કેવી સરસ લાગે છે બંગડી તારા હાથમાં !’ વહુવારુ પુછે, ‘કેટલા પૈસા થ્યા, મા ?’ તો કહેવાનાં, ‘મુક ને મારી બૈ, તને ગમી એટલે બસ.’

'ના–ના, મા ! પૈસા તો આપવા જોઈએ ને ?'

અમીનામા મંગાવેલી વસ્તુમાં થતી રકમ જ કહે, નફો ન ચડાવે. તેલમાં કસીને પૈસા લે; પણ મંગાવેલી વસ્તુ ભાવોભાવ આપે. કોઈની બોપટ્ટી તો કોઈની બંગડી, કોઈની ગળણી તો કોઈ જુવાન છોકરીનું અત્તર. તો કોઈનું વળી બીજું કંઈ. અમીનામા પાસે બધું મંગાવી શકાય. કોઈને સંકોચ ન થાય. તેઓ યાદ રાખીને બધું લાવે. ભણેલાં તો શાનાં હોય; પણ હીસાબ બધો મોઢે. તો અધરણીવાળી વહુની ગમ્મત પણ કરે, 'પહેર, પહેર ! મોઢાનું તેજ જોતાં જ લાગે છે કે તારે ટબા જેવો દીકરો આવશે.' વહુ જ નહીં; આસપાસનાં સૌ હસી પડે. અમીનાબીબી હોય ત્યાં ફુલની સુગંધ જેવી હળવાશ વાતાવરણમાં સતત ફેલાતી રહે.

બા આગ્રહ કરે, 'ચા પીશો ને ?' તો ભારપુર્વક કહે, 'બૌ ચા સારી નૈ. રકાબીથી ઝાઝી નો કરતાં.' ચા ભાવપુર્વક પીએ. ચા પીતાંપીતાં એમની ભુગોળ પહોંચતી હોય ત્યાં સુધીની બધી વાતો ઉથલાવે. ઘરેઘરે ફરે એટલે હરતોફરતો માહીતીભંડાર ! તારવીને બીજાને કહેવા જેટલું કહે. એમાં અનુભવ અને સમજણનો યોગ હોય. ઉઠતાંઉઠતાં કોઈ વાત યાદ આવી જાય તો વેપાર પડતો મુકીનેય, પાછાં બેસીને બે વાત કરી લે. જીવ જ વાતોનો.

એક ફળીયામાં એક જગ્યાએ બેસે. એમનો અવાજ સાંભળીને સૌ આવીને માથાનું તેલ લઈ જાય. વેપારમાં ગણીત પાકું હોય. કોણ હજી તેલ લેવા નથી આવ્યું એ ધ્યાનમાં હોય, 'અરે કાશી, નીકળું છું. પછી નો કેતી કે તેલ લેવાનું રહી ગ્યું.' કાશીભાભી ખુલાસો કરે, 'મા, હજી પડ્યું છે.' તો હસીને કહેતાં, 'પુછવું હારું. નો જોતું હોય તો વાંધો નૈં. જોતું હોય તો રહી જાવું નો જોયે.' ટેકો લઈને ઉઠે. બોલતાં જાય, 'હવે ગુડા ગળ્યા છે. અલ્લા રજા આપે ત્યાં સુધી કામ કરશું.' ત્યાંથી બીજી ફળીમાં. ત્યાં આવું જ દૃશ્ય ભજવાય. એમના સ્વભાવમાં વહેરોવંચો નહીં. નાનાં છોકરાંનેયે હેતમાયાથી બોલાવે. કોઈ વહુવારુએ કહ્યું ન હોય અને ગમતું રમકડું લેતાં આવ્યાં હોય તો તેના છોકરાને આપે. વહુવારુ પૈસાનું પુછે જ ને પ્રારંભમાં લેવાની ના પાડે, 'છોકરા સારુ છે' એમ કહે પણ ખરાં; પણ આગ્રહ થાય એટલે પૈસા લઈ લે. એમને તો આખા ગામમાં ફરવાનું. ઉદાર થવુંયે મોંઘું પડે, એટલે બધાનું પ્રમાણ જાળવે.

અમીનાબીબીનું કામ ઘાંચીનું. પહેરવેશ બીનહીન્દુનો; પણ કોઈ કરતાં કોઈને તેઓ હીન્દુ નથી એવું લાગતું નહીં. એ કાળે એવી સભાનતા કે વહેંચણી જ નહોતી. કોઈના ઘરે આગલી રાતે સત્યનારાયણની કથા થઈ હોય ને પ્રસાદ આપે તો તેઓ પ્રેમથી ખાય. ભગવાનને ભાવથી યાદ કરે. ખાધા પછી લગભગ બોલે જ, 'અલ્લા હૌનું હારું કરજો.' આ એમનો તકીયાકલામ હતો. એ એમના મનમાં એટલી હદે બેઠેલો કે કોઈના પર ગુસ્સો આવે, બે કડવાં વેણ બોલી નાખે, પછી છેલ્લા વાક્યનું અનુસન્ધાન જાળવતું વાક્ય જ બોલાતું હોય તેવી સહજ રીતે બોલી જાય, 'અલ્લા હૌનું હારું કરજો.'

પસંદગીઓ ખરી; પણ મન ખુલ્લું અને સાફ, આંટીઘુંટી વગરનું. સૌ સાથે એમનો ઘરોબો એવો કે એમને અંગત વાતો કહી શકાય. ક્યારેક સાસુ વહુ વીશે દુ:ખ પ્રગટ કરીને એમની આગળ હળવાં થાય તો અમીનામા વહુને મીઠાશથી; પણ હકથી બે સાચાં વેણ કહી શકે. વાત કહેવાની રીત એવી હોય કે વહુને સગી માએ શીખામણ આપી હોય એવું લાગે. ને વહુ રડી પડીને કંટી સાસુની વાત કરે તો અમીનામા સાસુનેય સમજાવી શકે. વાતની રીત તળપદી, ઘરગથ્થુ – 'જો અલ્લાએ વાસણ બનાવ્યાં છે તો ખખડેય ખરાં. ભટકાય તો બોલેય ખરાં. એટલે કંઈ વાસણ ફોડી નો નખાય. એમ મારી બઈ, માણહ છીએ તે મન વાંકું થઈ જાય, બે વેણ બોલાઈ જાય, એટલે કંઈ સંબંધ કપાઈ નો જાય. બસ, આટલું હમજ્યા કે બેડો પાર. લ્યો ઉઠું, અલ્લા હૌનું હારૂં કરજો.' ગામમાં બીજે ફેરે આવે ત્યારે પરોક્ષ ઑડીટ પણ કરી લે. કીચુડાટ ઓછો થયો હોય તો હાંઉ ગણે, પછી ખણખોદ ન કરે.

અમીનાબીબીનું મુળ કામ તેલ વેચવાનું. તો જ પોતાનું ને ઘરનું પેટ ભરાશે એ સ્પષ્ટ સમજ હતી; પરન્તુ સમ્બન્ધ કેવળ વેપારનો નહીં. ફળીએ–ફળીએ એમનું તેલ વેચાય. તેમને માટે કોઈ ચડીયાતું–ઉતરતું નહીં. બધાં સાથે ઘાટી માયા. એમાંથી ઉભા થયેલા અધીકારે જરુર પડ્યે બે સાચાં વેણ કહી શકતાં; પરન્તુ એ તો ક્યારેક, બાકી તો ગમ્મત, હળવાશ, શીખામણ, અનુભવકથા, ઉદારતા, એમ જરુર મુજબ એમનાં રુપો પ્રગટતાં. બધું મેળમાં રહેવું જોઈએ, કીચુડાટ હોય તો ઘટવો કે મટવો જોઈએ એ વાત હૈયે બેઠેલી. તેથી તેઓ બધાંને પોતાનાં કરી શકતાં. એટલે તેમને બધે આવકાર મળતો. કામ તેલ વેચવાનું; પરન્તુ ધર્મ ચાહવાનો. એમ કહી શકાય કે સ્નેહવાવેતર કર્યા વીના તેમનાથી રહેવાતું નહીં.

નીશાળનું ભણતર એમને સુલભ નહોતું. ચોપડી એ દુરની વસ્તુ હતી. જીવતરમાંથી એમણે જાણ્યું–પારખ્યું હશે કે માણસ તરીકે જીવવું. રાતદીવસની મહેનત તેમને અજાણી નહોતી. જીન્દગીની થપાટોએ ઓછામાં ઓછી જરુરીયાતોથી જીવવાની તાલીમ આપી હતી, એટલે સાધારણ હોવું એની નવાઈ નહોતી. તેઓ કોઠાસુઝથી સમજ્યાં હશે કે ધંધાનાં કામ, સમ્બન્ધના આનન્દમાં આડે આવતાં નથી. તેથી તેઓ નીર્ભાર રહી શકતાં અને સૌને પોતાનાં કરી શકતાં. રવીન્દ્રનાથ ટાગોરને વાંચ્યા વીનાય તેઓ જાણી ગયાં હતાં કે, 'પ્રયોજનના સમ્બન્ધને સ્નેહનો સમ્બન્ધ બનાવવો એ મનુષ્યત્વની સાધના છે.'

માણસની અસાધારણતાનું માપ તેનાં સ્થાન કે પ્રતીષ્ઠા નથી; પરન્તુ તેનું શીલ છે એ સૉક્રેટીસ–વીચારને યથાર્થ ગણીએ તો શીલ એ સાચી સમ્પત્તી છે. એ દૃષ્ટીએ અમીનામા ખરે જ અસાધારણ હતાં.

એટલે તો અરધી સદી વટાવીને અમીનામા માથે તેલનું કૅન લઈને સામે ઉભાં હોય તેવાં પ્રત્યક્ષ અનુભવાય છે.

–મનસુખ સલ્લા

લેખકના તાજેતરમાં પ્રકાશીત **'હૈયે પગલાં તાજાં'** – શૈશવ સ્મરણકથા (પ્રકાશક : અમરભાઈ ઠાકોરભાઈ શાહ, ગુર્જર ગ્રંથરત્ન કાર્યાલય, રતનપોળનાકા સામે, ગાંધી માર્ગ, અમદાવાદ–380 001 ફોન– 079-2214 4663 ઈ–મેઈલ : goorjar@yahoo.com આવૃત્તી : પહેલી–2011, પૃષ્ઠ : 16+224, મુલ્ય : રુપીયા–170)માંથી સાભાર... સસ્નેહ પુસ્તક મોકલવા બદલ લેખકશ્રી મનસુખભાઈનો નો ખુબ આભાર..ઉત્તમ ગજ્જર..


સર્જક–સમ્પર્ક:

સી–403, સુરેલ એપાર્ટમેન્ટ, દેવાશીષ સ્કુલ સામે, જજીસ બંગલા વીસ્તાર,

અમદાવાદ – 380 015 ફોન : 079-2687 09810 મોબાઈલ : 98240 42453

ઈ–મેલ : mansukhsalla@gmail.com


શ્રી. મનસુખ સલ્લા સંપાદીત **'સમુલ્લાસ નીસ્બત'** **પુસ્તકમાંનો**, 194મી 'સ.મ'માં પીરસાયેલો **અનીલ શાહ લીખીત એક પાણીદાર લેખ** : નાસ્તીકની તપસ્યા (અંગત કેફીયત) વાંચવા http://gujaratilexicon.com/magazine/sundayemahefil/ પર ક્લીક કરશો.. ત્યાં પાન 11 પર તમને તે મળશે..

@@@

'સન્ડે ઈ-મહેફીલ' - વર્ષઃ સાતમું - અંકઃ 245 – June 03, 2012

'ઉંઝાજોડણી'માં અક્ષરાંકનઃ ઉત્તમ ગજ્જર - uttamgajjar@gmail.com

@@@


**More than 1,40,00,000 Gujarati Language lovers have visited**

**http://www.gujaratilexicon.com/**

**More than 12,50,000 have visited Digital Bhagwadgomandal**

**http://www.bhagwadgomandal.com/**

**More than 2,80,000 have visited Lokkosh**

**http://lokkosh.gujaratilexicon.com/**


@@@@@@@@@